| | |
|---|---|
| (૨) | તમામ ઓડીટોરીયમ, પરફોર્મીંગ આર્ટ સેન્ટર, સાયન્સ સેન્ટર અને રંગઉપવન–ચં.ચી.મહેતા નાટ્યગૃહનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૧૫૦ દિવસ અગાઉ અને ઓછામાં ઓછા ૭ દિવસ અગાઉથી બુકીંગ કરવાનું રહેશે. આ સમય મર્યાદામાં ફેરફાર કરવાની સત્તા મ્યુનિ. કમિશ્નરશ્રી અથવા તેમના અધિકૃત અધિકારીશ્રીની રહેશે.<br>સુરત મહાનગરપાલિકા સંચાલિત  જે ઓડીટોરીયમોની બેઠક ક્ષમતા ૫૦૦ થી વધુ હોય, તેવા ઓડીટોરીયમનો ઉપયોગ કરવા અંગે નીચે જણાવ્યા મુજબ બુકીગ કરવાનું રહેશે.<br>(અ) ૧૨૧ દિવસથી ૧૫૦ દિવસ પહેલાં કાર્યક્રમ માટે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે પરિશિષ્ટમાં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૫૦%  ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે.<br>(બ) ૯૧ દિવસથી ૧૨૦ દિવસ પહેલાં કાર્યક્રમ માટે એડવાન્સમાં બુકીંગ કરાવવા માટે પરિશિષ્ટમાં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ઉપરાંત આ બંને ચાર્જના વધારાના ૨૫% ભરપાઈ કરી બુકીંગ કરાવવાનું રહેશે.<br>(ક) ૯૦ દિવસ સુધીના કાર્યકમ માટે બુકીગ કરાવવા માટે પરિશિષ્ટમાં જણાવેલ હોલ ભાડા તથા એ.સી. ચાર્જ ભરપાઈ કરી બુકીંગ કરાવવાનુ રહેશે. |